તાત્કાલિક/ખાનગી

ક્રમાંક:પરચ/૨૦૧૯/૬૩૦/ખ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫..૦૨.૨૦૨૦

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત જાહેર સેવા આયોગ,
છ-૩ સર્કલ પાસે,સેકટર-૧૦-એ,
ગાંધીનગર.

વિષય: મદદનીશ પ્રાધ્યાપક ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ (કો.શા)ની ભરતી બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે અરજદાર દ્વારા તા.૧૫.૦૫.૨૦૧૯, ૧૩.૦૨.૨૦૧૯ અને તા.૦૬.૦૬.૨૦૧૯ની અરજીઓ અન્વયે સરકારી કોલેજોમાં વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાની ભરતી સંબંધે જરૂરી સુધારો/સ્પષ્ટતા કરવાની રજૂઆત કરવામાં આવી હતી. તેઓને જણાવ્યુ હતુ કે બાયોલોજીકલ સાયન્સમાં જુદી જુદી વિધાશાખાઓ છે જેમ કે BIOSCIENCE, BIOCHEMISTRY, BOTANY, ZOOLOGY, ENVIROMENTAL SCIENCE, MICROBIOLOGY વિગેરે. આ બધા વિષયો એકબીજા સાથે સંકળાયેલા છે અને પરિણામે BIOSCIENCEમાં ગ્રેજ્યુએટ(B.Sc) ની પદવી મેળવે તો તે BOTANY, ZOOLOGY,MICROBILOGY કે ENVIROMENTAL SCIENCEના પોસ્ટ ગ્રેજ્યુએટ (M.Sc) માં એડમિશન આપવામાં આવે છે અને વિધાર્થી તે અભ્યાસક્રમ પૂર્ણ કરીને તે પદવી મેળવે છે.આ વિગતો જણાવીને રજૂઆત કરી છે કે B.Scમાં Bio Science અને M.Sc તથા પી.એચ.ડીમાં બોટની વિષય હોવા છતાં બોટનીના આસિ.પ્રોફેસરની જગ્યા માટે આયોગ દ્વારા લાયક ગણવામાં આવ્યા ન હતા. આથી આ બાબતે વિધાર્થીઓ અને ઉમેદવારોના ભવિષ્યના હિતને અનુલક્ષીને યોગ્ય કાર્યવાહી કરવા અરજદારે વિનંતી કરી હતી.

૨. ઉકત રજૂઆત સંબંધે ચકાસણી કરતા નીચે મુજબ જણાયું છે.

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના તા.૧૮.૦૭.૨૦૧૮ના નોટીફીકેશનથી UGC ( MINIMUM QUALIFICATIONS FOR APPOINTMENT OF TEACHERS AND OTHER ACADEMIC STAFF IN UNIVERSITIES AND COLLEGES AND OTHER MEASURES FOR THE MAINTENANCE OF STANDARDS IN HIGHER EDUCATION), REGULATION, 2018 પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ નોટીફીકેશનની જોગવાઇ નં.૩.૪ નીચે મુજબ છે.

3.4 A Minimum of 55% marks (or an equivalent grade in a point scale, wherever the grading system is followed ) **at the master's level** shall be the essential qualification for direct recruitment of Teachers and other equivalent cadres at any level.

Scanned by CamScanner

(૨) વિભાગના તા.૧૯.03.૨૦૧૧થી મદદનીશ પ્રાધ્યાપક ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૨ (કો.શા))ના ભરતી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની જોગવાઇ 03(b) નીચે મુજબ છે.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall-

(b) posses a **post graduate degree** with at least 55% of the marks or at least equivalent grade of "B" in the seven point scale, with letter grades O,A, B,C,D,E AND F at the **master degree level** in relevant subject of any of the universities established or incorporated by or under the Central or State Act in India, or any other educational institutions recognized by the Government or declared deemed to be a university under section 3 of the U.G.C. Act, 1956 or possess an equivalent degree from an accredited foreign university or posses an equivalent qualification recognized as such by the Government;

(3) આયોગની જાહેરાત ક્રમાંક ૬૯/૨૦૧૬-૧૭થી ૯૪/૨૦૧૬-૧૭થી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજો ખાતે વિવિધ વિષયના મદદનીશ પ્રાધ્યાપક (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૦૨)(કો.શા)ની જગ્યાઓ પર પસંદગી માટે અરજીઓ મંગાવવામાં આવી હતી જેમાં પણ ઉપર ફકરા નં 0૩માં દર્શાવેલ વિભાગના તા.૧૯.03.૨૦૧૧ના ભરતી નિયમો મુજબ જ શૈક્ષણિક લાયકાત દર્શાવેલ છે.

3. ઉપરની તમામ હકીકતો જોતાં આસિ.પ્રોફેસરની ભરતી માટે સંબંધિત વિષયમાં અનુસ્નાતક કક્ષાની પદવી ધ્યાને લેવાની રહે છે આથી કિસ્સામાં અને આવા સમાન પ્રકારના કિસ્સાઓમાં અનુસ્નાતક કક્ષાની પદવી ધ્યાને લઇને ઉમેદવારોની પસંદગી અંગેની પ્રકિયા હાથ ધરવામાં આવે તે જોવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner